બી એ મિસ્ત્રી
સંયુક્ત નિયામક

# ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેકટર–૧૫, ગાંધીનગર

---

પત્રક્રમાંક: જલસેવા/મ.ઈ.-અ.મ.ઇ./ખા.પ./૧૧૧૪/૨૦૧૭ તા.૨૦-૭ -૨૦૧૭

પ્રતિશ્રી ,

મુખ્ય ઇજનેરશ્રી
ઝોન-૧/૨/૩/૪/૫/મોની.સેલ/યાંત્રિક/રિચાર્જ સેલ/અર્બન સેલ/તકેદારી એકમ/વાસ્મો/ GWIL
વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભૂજ/જૂનાગઢ/ગાંધીનગર

વિષય: વર્ષ ૨૦૧૭ માં લેવાનાર મ.ઇ./અ.મ.ઇ./ ઓવરશીયર (સિવિલ/યાંત્રિક) ની ખાતાકીય પરીક્ષા માટે અરજીઓ મોકલવા બાબત

સંદર્ભ: **(૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક**: જલસેવા/મ.ઈ./અ.મ.ઈ./ખા.પ./૧૯૯૩/૨૦૧૬ તા. ૨૦/૦૬/૨૦૧૬
(૨) **અત્રેની કચેરીના પત્ર ક્રમાંક**: જલસેવા/ખા.પ./૮૪૨/૨૦૧૭ તા. ૦૧/૦૪/૨૦૧૭

ઉપરોક્ત વિષય અન્વયે સાદર જણાવવાનુ કે સંદર્ભ-૨ હેઠળના પત્રથી મુલત્વી રાખવામા આવેલ ખાતાકીય પરીક્ષાનુ આગામી ઓગસ્ટ-૨૦૧૭ દરમ્યાન આયોજન કરવામા આવી રહેલ છે જે માટે સદર ખાતાકીય પરીક્ષામા ઉપસ્થિત રહેવા ઈચ્છુક અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોની અરજી તા.૩૧/૦૭/૨૦૧૭ પહેલા જલસેવા તાલીમ સંસ્થા ને સાદર કરવા વિનંતી છે.

વધુમા અગાઉ જે ઉમેદવારોએ સંદર્ભ-૧ હેઠળના પત્ર અન્વયે પોતાની ઉમેદવારી નોંધવી હોય તેઓએ ફરીથી અરજી કરવાની જરૂરીયાત રહેતી નથી. અગાઉ મળેલ અરજીઓ મુજબ તથા પરીક્ષામા બેસવા માટેની લાયકાત ધરાવતા/ન ધરાવતા ઉમેદવારોની યાદી બોર્ડ ની વેબસાઈટ ઉપર મુકવામા આવેલ છે જેની ચકાસણી કરી તે મુજબ ફરીથી બાકી રહેતા લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી નિયત પત્રકમાં તા.૩૧/૦૭/૨૦૧૭ પહેલા જલસેવા તાલીમ સંસ્થા ને મળે તે રીતે મોકલી આપવાની રહેશે, જે અંગે સંબંધિતોને આપના સ્તરેથી જરૂરી સુચના થવા વિનંતી છે.

વધુમા આ અંગે વધુ માહિતી/પુછપરછ અર્થે શ્રી ડી જી કાલરીયા, કા.ઈ. (ઈન્ચાર્જ) (9978406565) નો સંપર્ક કરવા વિનંતી છે.

બિડાણ: ખાતાકીય પરીક્ષા માટે નિયત ફોર્મ

Bamsi
(બી એ મિસ્ત્રી)
સંયુક્ત નિયામક

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માન. સભ્ય સચિવશ્રી ના અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રી નું કાર્યાલય, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ , ગાંધીનગર જાણ સારું

(૨)મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ , ગાંધીનગર જાણ સારું

(૩)અધિક્ષક ઇજનેરશ્રી, જા.આ.વર્તુળ (સર્વે) જાણ સારું તથા અમલ સારું

(૪)કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે) જાણ સારું તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૫) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, વડી કચેરી, ગાંધીનગર જાણ સારું તથા પરીક્ષાનુ સમયપત્રક, લાયકાત ધરાવતા/ ન ધરાવતા ઉમેદવારોની યાદી, પરીક્ષાના નિયમો, અભ્યાસક્રમ તથા અરજીનું નિયત ફોર્મ વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.

(૬)નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી (સર્વે) જાણ સારું તથા જરૂરી ઘટતી કાર્યવાહી થવા સારું.